## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




આજના ચકલી દિવસે ચકલી બચાવનાર મિત્રો માટે આજે રાત્રે ચિકન-પાર્ટી ડિક્લેર કરું છું...

# સિવિલમાં કર્મચારીની ગેરવતર્ણુકને લઈ દર્દીના સગાએ મેથીપાક ચખાડ્યો

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ગત્ શનિવારના રોજ મોડીરાત્રીના સમયે આઠમા માળે આવેલા વોર્ડમાં ફરજ પરના કર્મચારીની ગેરવર્તણુકને પગલે દર્દીના સગાએ કર્મચારીને ત્રણ ચાર ફડાકા ઝીંકી દીધા હતા. રાત્રીના સમયે માથાકુટ થતા અન્ય વોર્ડમાંથી પણ દર્દીના સગાઓ દોડી આવ્યા હતા. જયારે કર્મચારીએ માર ખાઈને તુરંત ચાલતી પકડી લીધી હતી. જયારે કર્મચારીને દર્દીના સગાએ માર માર્યાની ઘટનાએ સમગ્ર સિવિલ કેમ્પસમાં ચર્ચાનો વિષય બન્યો હતો.

ગાંધીનગર શહેરની સિવિલ હોસ્પિટલમાં ફરજ પરના કર્મચારીને માર માર્યાની ઘટના બનવા પામી છે. સિવિલમાં અગાઉ પણ આ પ્રકારની ઘટનાઓ બની ચુકી છે. સિવિલ કેમ્પસમાં મેડીકલ કોલેજ અને નર્સિંગ કોલેજને પગલે લુખ્ખા તત્વો અહી આટાફેરા મોડીરાત સુધી મારતા રહે છે. જયારે સિવિલ હોવાથી આ તત્ત્વોને કોઈની કનડગત પણ નડતી નથી. સિવિલમાં દર્દી અને સ્ટાફ વચ્ચે તુતુ મેમે ની ઘટનાઓ પણ બની રહી છે. ત્યારે સિવિલ હોસ્પિટલના આઠમા માળે આવેલા ફિમેલ વોર્ડમાં એડમીટ મહિલા દર્દીના સગા સાથે કર્મચારીએ ગત શનિવારના રોજ ગેરવતર્ણુક કરતા દર્દીના સગા ગુસ્સે ભરાયા હતા.

બંન્ને વચ્ચે થોડીવાર બોલાચાલી થઈ હતી ત્યારબાદ દર્દીના સગાએ ઉગ્ર સ્વરુપ ધારણ કરતા દર્દીના સગાએ ગેર વતર્ણુક કરતા કર્મચારીને બધાની વચ્ચે ફડાકા ઝીંકી દીધા હતા તેમ સિવિલના અંતરંગ સુત્રો દ્વારા જાણવા મળ્યું છે. જયારે હાજર ફરજ પરના અન્ય કર્મચારીએ આ માર ખાધેલા કર્મચારીને છોડાવીને તાત્કાલીક ઘરે મોકલી દીધો હતો. પરંતુ કર્મચારી પર હુમલાની ઘટનાને પગલે સમગ્ર કેમ્પસમાં ચર્ચાનો વિષય બનવા પામ્યો હતો. ત્યારે કયાં સંજોગોમાં દર્દીના સગાએ મેથીપાક ચખાડ્યો તે પણ વાત તપાસ માંગી રહી છે.

# બુરા ના માનો હોલી હૈ..!!!

ગાંધીનગર, તા. ૨૦

આજે ભારતભરમાં હોળી-ધુળેટીનું પર્વ હર્ષોલ્લાસ સાથે ઉજવાઈ રહ્યું છે. હોળી-ધુળેટી પર્વ એકબીજાને રંગ લગાડી નિખાલસ મજાક-મસ્તી કરવાનું પર્વ છે. આ પર્વમાં કોઈની સાથે કરેલી ધમામલ, મસ્તી કે મજાક માટે કોઈ ખોટુ લગાડતુ નથી અને પોતાના પર થયેલી મજાકને પણ સૌ કોઈ હળવાશ સાથે લઈને માણતા હોય છે. ગાંધીનગર સમાચાર દ્વારા પણ શહેરની રાજકીય હસ્તીઓને ફિલ્મી પંક્તિઓ સાથે સાંકળી હળવી-નિખાલસ મજાક કરવાનો પ્રયાસ કરાયો છે, જેને સૌએ હળવાશથી લઈ પર્વના આનંદ સ્વરૂપે સ્વીકારવા વિનંતી છે કેમ કે 'બુરા ના માનો હોલી હૈ..!!!'

- સી.જે. ચાવડા - કિતને બાજુ, કિતને સર, મીનલે દુશ્મન ધ્યાનસે...
- હિંમાશુ પટેલ - દુલ્હેકા સહેરા સુહાના લગતા હૈ...
- પ્રવિણ પટેલ - ઈધર ચલા મેં, ઉધર ચલા...
- દેવેન્દ્રસિંહ ચાવડા(જીગાબાપુ) - સાલા મેં તો સાહબ બન ગયા...
- રીટાબેન પટેલ - સામને હૈ પર નજર... આતી નહી (મેયરપદની ખુરશી)
- નાઝાભાઈ ધાંધર - ડોલી સજા કે રખના...
- નિશિત વ્યાસ - દિવાનો સે યે મત પુછો...
- અશોકભાઈ પટેલ - જાને કહાં ગયે વો દિન
- મહેન્દ્રભાઈ પટેલ (દાસ) - મુબારક હો સબકો સમાં યે સુહાના
- મનુભાઈ પટેલ - કુછ ભી કરને કા, જયકાંત શીકરેકા ઈગો હર્ટ નહી કરને કા...
- સૂર્યસિંહ ડાભી - કૌન અપના હૈ, કૌન બેગાના હૈ, યે જમાને મેં કીસને જાના હૈ...
- આશિષ દવે - યે દુનિયા, યે મહેફિલ, મેરે કામકી નહી...
- મુકેશ પટેલ - આજ પુરાની રાહોસે કોઈ મુઝે આવાઝ ના દે...
- અંકિત બારોટ - રેમ્મા માં, રેમ્મા મા, રેમ્મા યાર હમ તો લેને ગયે થે બાઝારમે લડ્ડુ...
- મહેન્દ્રસિંહ વાઘેલા - આઓ બચ્ચો તુમ્હે દિખાયે ધરતી હિન્દુસ્તાન કી...

# કેએસવીના મેથેમેટિક્સ ડિપાર્ટમેન્ટ દ્વારા ભૂતપૂર્વ વિદ્યાર્થી સંમેલન યોજાયું

ગાંધીનગર, તા.૨૦

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંચાલિત એમ.એમ. પટેલ ઈન્સ્ટીટ્યુટ ઓફ સાયન્સીસ એન્ડ રીસર્ચના મેથેમેટીકસ ડીપાર્ટમેન્ટ દ્વારા પ્રથમ ભૂતપૂર્વ વિદ્યાર્થી સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં વર્ષ ૨૦૧૧થી ૨૦૧૮ સુધી સંસ્થામાં અભ્યાસ કરી ગયેલ વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર કચેરીના સંયુકત નિયામક એસ.એસ. સુથાર તથા કડી સર્વ વિદ્યાલયના ટ્રસ્ટી અને જાણીતા ગણિતશાસ્ત્રી વિઠ્ઠલભાઈ પટેલ આઈટી વિભાગના હેડ ડૉ. ભદ્રેશ પંડયા તથા સંસ્થાના આચાર્ય ડૉ. કેયુર શાહ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને ઉપસ્થિત મહેમાનો દ્વારા પ્રેરક ઉદબોધન સાથે પ્રોત્સાહન આપવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે તમામ ફેકલ્ટી તથા એસએસસીના વિદ્યાર્થીઓએ જહેમત ઉઠાવી હતી.

# ગાંધીનગર જિલ્લા એનસીડી સેલ દ્વારા વર્કશોપ યોજાયો

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર શહેરને અડીને આવેલા ગીર ફાઉન્ડેશન ખાતે ગાંધીનગર જિલ્લા એનસીડી સેલ દ્વારા વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ડાયાબિટીસ, હાયપર ટેન્શન, ઓરલ કેન્સર, સ્તન કેન્સર અને સર્વાઈકલ કેન્સરને કંટ્રોલ કરવા વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ પ્રસંગે સિવિલના સુપ્રિટેન્ડન્ટ ડો. નિયતિ બેન લાખાણી, એનસીડી સેલના ડો. ચિંતન ગોંડલીયા સહિત સ્ટાફના કર્મચારીઓ હાજર રહ્યા હતા.



## મુક્તિધામમાં ૪૦૦ માટીના પક્ષીઘર લગાડાયાં

શહેરના મુક્તિધામ ખાતે વિકસેલી વનરાજીમાં માટીના ૪૦૦ જેટલા પક્ષીઘર લગાડવામાં આવ્યાં છે. વિશ્વ ચકલી દિવસ નિમિત્તે હાથ ધરવામાં આવેલા આ ઉપક્રમમાં મુક્તિધામના સ્ટાફ દ્વારા તેમના પગારમાંથી તેમજ અહીંની લાયબ્રેરીમાં અભ્યાસ કરવા આવતા સ્પર્ધાત્મક પરીક્ષાના ઉમેદવાર યુવાનોએ આપેલા ફાળામંથી નાણાં એકઠાં કરી આ અનન્ય પ્રયાસ હાથ ધરવામાં આવ્યો હતો. ઉલ્લેખનીય છે કે મુક્તિધામના કુદરતી વાતાવરણમાં અસંખ્ય ચકલીઓ સાથે અનેક પ્રકારના પક્ષીઓનો વસવાટ છે જેને આ નવા માટીના ઘર ખુબ ઉપયોગી નિવડશે. વન વિભાગ દ્વારા પણ અહીં અવારનવાર પક્ષીઓની તકેદારી અંગે સેવા પુરી પાડવામાં આવે છે.

# સે-૨૮માં છાપરુ બાળવાના કેસમાં નવ હજાર ચુકવવા કોર્ટનો આદેશ

ગાંધીનગર તા ૨૦

સે-૨૮ માં છાપરુ બાળીને એક મહીલાને ઈજા પહોંચાડવાના કેસમાં ગાંધીનગર કોર્ટેઆરોપીને રૂ ૧ હજારનો દંડ તેમજ રૂ ૯ હજારનુ વળતર ચુકવી આપવા આદેશ કર્યો છે.

આ કેસની પ્રાપ્ય વિગત અનુસાર ભદ્રેશ અશોક દંતાણી તેમજ પ્રકાશ દંતાણીએ તા ૭ મેં વર્ષ ૨૦૧૬ ના રોજ સે-૨૮ પ્રેસ સર્કલ પાસે રહેતા કાળીબેન નગીનભાઈ દંતાણી તેમજ નગીન કાન્તીભાઈ દંતાણી સાથે પતિના આડ સંબંધ બાબતે ઝઘડો કર્યો હતો. આરોપી પ્રકાશે કાળીબેનને ગડદાપાટુનો માર મારતા તેમને ઈજાઓ થઈ હતી. જયારે આરોપી ભદ્રેશે તેમનુ છાપરુ પણ સળગાવી દીધુ હતુ. આ બનાવ સંદર્ભે સે-૨૧ પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી. ત્યારબાદ આરોપી ભદ્રેશનુ મૃત્યુ થયુ હતુ. જયારે પ્રકાશ અશોક દંતાણી વિરુધ્ધ ગાંધીનગરની પ્રિન્સિપાલ ડિસ્ટ્રીકટ એન્ડ સેસન્સ કાર્ટમાં કેસ ચાલતા સરકારી વકીલ તરીકે પ્રિતેશ ડી વ્યાસે દલીલો કરી હતી જેમાં તેમણે આરોપીઓને સમાજમાં દાખલો બેસે તેવી સજા કરવા માટે કોર્ટ સમક્ષ જણાંવ્યુ હતુ. દલીલો અને પુરાવાના અંતે સેસન્સ જજ આઈ જે વોરાએ આરોપી પ્રકાશ અશોક દંતાણીને આરોપીને કસુરવાર ઠરાવી રૂ ૧ હજારનો દંડ અને દંડ ન ભરે તો વધુ ૧૦ દિવસની સજા ભોગવવા માટે પણ આદેશ કર્યો છે. તેમજ રૂ ૯ હજારનુ વળતર ફરિયાદીને ચુકવવા માટે આદેશ કર્યો છે.



હોળી-ધુળેટી એટલે મિત્રો સાથે મસ્તી-ધમાલ કરવાનું પર્વ. ભાઈબંધ ભેરૂને રંગવાનું અને રંગવાની મોજ માણવાનું પર્વ. છેલ્લાં કેટલાક વર્ષથી ગાંધીનગરની સ્વર્ણિમ પાર્ક યુવાનો માટે હોળી રમવા માટે હોટ ફેવરીટ બન્યો છે. આવતીકાલે કોલેજમાં રજા હોવાથી કોલેજીયન યુવાનોએ સ્વર્ણિમ પાર્કમાં એકબીજા સાથે મનભરીને રંગે રમીને પર્વનો આનંદ માણ્યો હતો. જેમાંથી અનેક યુવાનોના ગૃપ તો છેક અમદાવાદથી હોળી રમવા અહીં આવ્યા હતા.

# કોલવડામાં નજીવી બાબતે જુનિયર ક્લાર્કને માર માર્યો

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર શહેરને અડીને આવેલા કોલવડા ગામમાં વસવાટ કરતા પિતા-પુત્રએ સામાન્ય રૂ.૭૦૦ની ઉઘરાણી અંગે પીડબલ્યુડીના જુનિયર કલાર્કને માર માર્યાની ઘટના બનવા પામી છે. યુવકે તેની ગાડીમાંથી લોખંડનો સળીયો કાઢી માથામાં મારતા ગંભીર રીતે ઈજા પામેલા આધેડને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ જવાયા હતા. ત્યારબાદ વધુ સારવાર માટે અમદાવાદ અને ત્યાંથી ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરાયા છે. આધેડના ભાઈની ફરીયાદને પગલે સે-૨૧ પોલીસે ગુનોં નોંધી વધુ તપાસ આદરી છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ પંકજભાઈ વ્યાસની ફરીયાદ મુજબ સોમવારે સવારે તેમના પર તેમના મોટાભાઈનો ફોન આવ્યો હતો અને ઘ-૫ પાસે અકસ્માત થયો હોવાનું જણાવ્યું હતું. જેથી તેઓ ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે પહોંચ્યા હતા.જયાં તેમના મોટાભાઈ દિપકભાઈ બે ભાન અવસ્થામાં પડ્યા હતા અને માથાના ભાગે ઈજા ગંભીર ઈજા પહોંચી હતી. જેને પગલે તાત્કાલીક અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. ત્યાંથી પરિવારના સભ્યો તેમને ખાનગી હોસ્પિટલ લઈ ગયા હતા. ત્યારબાદ પંકજભાઈને ખબર પડી કે તેમના ભાઈ દિપકને કોલવડા ગામના રીક્ષા ચાલક રાજેન્દ્રસિંહ નારણજી વાઘેલા રીક્ષા ભાડના રૂ.૭૦૦ માંગતા હતા. જે અંગે બંન્ને વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી. રાજેન્દ્રસિંહે ફોન કરતા તેમનો દિકરો ઈનોવા ગાડી લઈને આવી પહોંચ્યો હતો. બોલાચાલી દરમિયાન અમિતે ગાડીમાંથી લોખંડનો સળીયો કાઢીને દિપકભાઈને માથાના ભાગે ફટકારી દીધો હતો. બનાવના દિવસે દિપકભાઈનુ ઓપરેશન ચાલતુ હોવાથી પંકજભાઈએ બીજા દિવસે સે-૨૧ પોલીસ મથકમાં ફરીયાદ કરતા પોલીસે પિતા-પુત્ર સામે ગુનોં નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ભાજપ દ્વારા ૨૬ બેઠક પર વિજય સંકલ્પ સંમેલન

અમદાવાદ,તા.૨૦

ભાજપા પ્રદેશ પ્રવક્તા ભરત પંડયાએ જણાવ્યુ હતુ કે, આગામી લોકસભા ચૂંટણીના સંદર્ભમાં તારીખ ૨૪થી ૨૬ માર્ચ, ૨૦૧૯ દરમ્યાન ગુજરાતની તમામ ૨૬ લોકસભા બેઠકો પર ભાજપા દ્વારા ''વિજય સંકલ્પ સંમેલન'' નું આયોજન કરવામાં આવી રહ્યુ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સ્વપ્ન સમાન ''ન્યુ ઈન્ડિયા''ના નિર્માણમાં ભાજપાની સાથે સાથે લોકભાગીદારીને પણ સાંકળી શકાય તેવા હેતુસર, ''મેરા દેશ બદલ રહા હૈ''ની લોકભાવના ઉજાગર કરવા આ વિજય સંકલ્પ સંમેલનમાં બૂથ લેવલના કાર્યકર્તાઓથી શરૂ કરીને તમામ શ્રેણીના હોદ્દેદારો, મંત્રીઓ અને સંગઠનના પદાધિકારીઓ તથા સમર્થકો આ સંમેલનમાં ઉપસ્થિત રહેશે. નરેન્દ્ર મોદીને પ્રધાનમંત્રી બનાવવાં ૨૬ લોકસભામાં ભાજપને વિજયી બનાવવાં ગુજરાતની જનતા અડીખમ ઊભી રહેશે તેવો વિશ્વાસ છે. આ વિજય સંકલ્પ સંમેલનમાં મુખ્યમંત્રી વિજય રૂપાણી તારીખ ૨૪ માર્ચ, ૨૦૧૯ના રોજ મહેસાણા ખાતે, તારીખ ૨૬ માર્ચ, ૨૦૧૯ના રોજ સાબરકાંઠા લોકસભા બેઠકો પર, પ્રદેશ અધ્યક્ષ જીતુ વાઘાણી તારીખ ૨૪ માર્ચના રોજ સુરેન્દ્રનગર, વડોદરા અને પોરબંદર લોકસભા બેઠકો પર, જ્યારે કેન્દ્રીય મંત્રી સુરેશ પ્રભુ રાજકોટ ખાતે હાજર રહેશે.

# ચૂંટણી પંચ દ્વારા રોકડ રકમ સંદર્ભે માર્ગદર્શિકા જાહેર કરાઈ

ગાંધીનગર, તા. ૨૦

મુખ્ય નિર્વાચન અધિકારી, ડૉ એસ. મુરલી ક્રિષ્ણાએ જણાવ્યું હતું કે, ચૂંટણી આચાર સંહિતા દરમિયાન પક્ષ, પક્ષના કાર્યકર, ઉમેદવાર અંગે રોકડની હેરફેર માટે ચૂંટણી પંચ દ્વારા માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી છે.

મુખ્ય નિર્વાચન અધિકારી, ડૉ એસ. મુરલી ક્રિષ્ણાએ વધુ વિગતો આપતા કહ્યું હતું કે, ચૂંટણીના સમયગાળા દરમિયાન રાજકીય પક્ષોના નેતા, ઉમેદવાર અને પક્ષના કાર્યકરો માટે રોકડ રકમ સાથે રાખવા બાબતે પંચે માર્ગદર્શિકા આપી છે. તપાસ દરમિયાન, ઉમેદવાર કે તેના એજન્ટ કે પક્ષનો કોઈ કાર્યકર અથવા ચૂંટણી સંબંધિત સામગ્રી, પોસ્ટર્સ સાથેના કોઈ વાહનમાં રૂ. ૫૦ હજારથી વધુ રોકડ મળી આવશે અથવા આ વાહનમાં કોઈ પણ પ્રકારના ડ્રગ્સ, દારૂ, હથિયારો અથવા રૂ.૧૦ હજારથી વધુ કિંમતની એવી ભેટ-સોગાદો મળી આવશે કે જેનો ઉપયોગ મતદારોને લલચાવવા માટે થવાની સંભાવના હોય અથવા કોઈ ગેરકાનૂની વસ્તુઓ (illicit articles) લઈ જવાતી જણાશે તો, તે જપ્તીને પાત્ર રહેશે. આ તપાસ અને જપ્તીની સમગ્ર ઘટના વીડિયો ટુકડી દ્વારા સ્થળ પર જ વીડિયો/ સીસીટીવીમાં કેપ્ચર કરવામાં આવશે અને તેની વીડિયો સીડીની નકલ દરરોજ ચૂંટણી અધિકારીને મોકલવામાં આવશે.

આ ઉપરાંત કોઈ સ્ટાર પ્રચારક (Star Campaigner) ખાસ તેમના વ્યક્તિગત ઉપયોગ માટે રૂ.૧ લાખ સુધીની રોકડ રકમ લઈ જતા હોય અથવા પક્ષનો કોઈ કાર્યકર રોકડ રકમ સાથે, તેનો ઉપયોગ કેવી રીતે થવાનો છે તેની વિગતો દર્શાવતું પક્ષના ખજાનચીનું પ્રમાણપત્ર સાથે લઈ જતા હોય તો સ્થાયી દેખરેખ ટુકડી (SST)ના અધિકારી પ્રમાણપત્રની નકલ પોતાની પાસે રાખી લેશે અને રોકડ જપ્ત કરશે નહી, તેમ મુખ્ય નિર્વાચન અધિકારીશ્રીએ જણાવ્યું હતું.

જો કોઈ વાહનમાં રૂપિયા ૧૦ લાખથી વધુ રોકડ રકમ મળે અને કોઈ ગુનો બનવાની શંકા ન હોય અથવા કોઈ ઉમેદવાર કે એજન્ટ કે પક્ષના કાર્યકર સંકળાયેલ ન હોય તો, સ્થાયી દેખરેખ ટુકડી (SST) રોકડ જપ્ત કરશે નહી અને આવકવેરા સંબંધી કાયદા હેઠળ જરૂરી કાર્યવાહી કરવા માટે એ માહિતી આવકવેરા સત્તાધિકારીને મોકલી આપશે.

મુખ્ય નિર્વાચન અધિકારી ડૉ એસ. મુરલી ક્રિષ્ણાએ કહ્યું હતું કે, લોકસભાની સામાન્ય ચૂંટણી માટે આચાર સંહિતા ચૂંટણી જાહેરાતથી જ અમલમાં આવી છે. સમગ્ર રાજ્યમાં ચૂંટણી ખર્ચ માટે જિલ્લા કક્ષાએ ચૂંટણી તંત્રને સજ્જ કરાયું છે. દરેક જિલ્લામાં ચૂંટણી ખર્ચના એક નોડલ અધિકારી અને વિવિધ ટીમની રચના કરાઈ છે. ચૂંટણીની જાહેરાતની તારીખથી જિલ્લાકક્ષાએ ખર્ચની વિવિધ ટીમ વચ્ચે સંકલન માટે ખર્ચ નિયંત્રણ સેલ કાર્યરત કરાયા છે. ખર્ચની ટીમ પૈકી, ૫૬૩ ફ્લાઈંગ સ્કવોડ, ૩૭૮ વિડીયો સર્વેલન્સ ટીમ, ૨૦૭ વિડીયો વ્યુઈંગ ટીમ, ૨૬ એકાઉંટીંગ ટીમ કાર્યરત કરાઈ છે.

આ ઉપરાંત, ઈન્કમ ટેક્ષ વિભાગ દ્વારા ૪૦૦થી વધુ અધિકારીઓની નિમણૂક કરી છે. ખર્ચ નિયંત્રણ માટે રાજય કક્ષાના નોડલ અધિકારીઓ પણ નિમાયા છે. પંચ દ્વારા ટુંક સમયમાં ખર્ચ નિરીક્ષકની નિમણુંક થનાર છે. ચૂંટણીની અધિસૂચના થયેથી ૬૩૯ સ્ટેટીક સર્વેલન્સ ટીમ અને ૨૦૮ જેટલા મદદનીશ ખર્ચ નિરીક્ષક કામગીરી શરૂ કરશે. ફ્લાઈંગ સ્કવોડના વાહનો જિલ્લાકક્ષાએ મોનીટર કરવા તેમા જી.પી.એસ. ફીટ કરવા સર્વે કલેક્ટરને સૂચના અપાઈ છે.



ગાંધીનગર - સરખેજ હાઈવે પર ટીસીએસમાં ફરજ બજાવતા કર્મચારીઓને લાવવા - લઈ જવાનું કામ કરતી ખાનગી એજન્સીની તવેરા કાર અન્ય કાર સાથે ધડાકાભેર અથડાઈ હતી. આ અકસ્માતમાં બંને કારનો ખુડદો બોલી ગયો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે ટીસીએસમાં કર્મચારીઓને લાવવા - લઈ જવાનું કામ કરતી આ ગાડીઓનો આ અઠવાડીયામાં ત્રીજો બનાવ હોવાનું ચર્ચાઈ રહ્યું છે.

# પ્રથમવાર દિવ્યાંગ માટે મતદાન કેન્દ્ર

અમદાવાદ, તા.૨૦

આગામી લોકસભા ચૂંટણીમાં અમદાવાદમાં બે જગ્યાએ આદર્શ મતદાન મથકની વ્યવસ્થા કરવામાં આવી છે, જેમાં તમામ સુવિધા મતદારો માટે ઉપલબ્ધ કરાશે. દિવ્યાંગ મતદાન મથક ઉપર માત્ર વહીવટી સ્ટાફ દિવ્યાંગકર્મી હશે. દરેક વિધાનસભાદીઠ એક દિવ્યાંગ મતદાન મથક બનાવાશે એટલે અમદાવાદ સહિત રાજ્યભરમાં કુલ ૧૮૨ દિવ્યાંગ મતદાન મથક આગામી ચૂંટણીમાં પહેલીવાર દિવ્યાંગ મતદારો માટે ઉપલબ્ધ હશે. આ મતદાન મથકનાં લોકેશન ટૂંક સમયમાં જાહેર કરાશે. આમ, લોકસભા ચૂંટણીમાં સૌપ્રથમવાર દિવ્યાંગો માટે દિવ્યાંગ મતદાન મથક ઉભુ કરાશે. દિવ્યાંગ અને વિકલાંગ મતદારો માટે વ્હીલચેર તેમજ સહાયકની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવશે. દિવ્યાંગ મતદારને સહાયક લઈને મતદાન મથક સુધી જશે. જે પછી મતદારને બ્રેઈન લિપિવાળું બેલેટ પેપર અપાશે.

મહિલાઓના મતદાન મથકમાં મહિલાકર્મી હશે તે જ રીતે દિવ્યાંગ મતદાન કેન્દ્રમાં દિવ્યાંગ વહીવટીકર્મીઓ હશે, સાથે-સાથે ચૂંટણીપંચ દ્વારા દરેક મતદાન મથક પર બ્રેઈનલિપિ યુનિટની વ્યવસ્થા કરવામાં આવશે. જ્યારે વિકલાંગ મતદારો માટે વ્હીલચેરની વ્યવસ્થા કરશે, જેના માટે મતદાતાએ અગાઉથી રજિસ્ટ્રેશન કરાવવું જરૂરી છે. દિવ્યાંગ માટે બ્રેઈન લિપિવાળા બેલેટમાંથી ઉમેદવારનું નામ અને ક્રમ નંબર જાણ્યા બાદ બેલેટ યુનિટનો ક્રમ નંબર દબાવવાથી પસંદગીના ઉમેદવારને વોટ પડી જશે. અમદાવાદમાં આગામી લોકસભા ચૂંટણીમાં નવા ૬૦થી વધુ મતદાન મથક વધારવા માટે પણ નવા મતદાન મથક માટેની દરખાસ્ત તૈયાર કરી દેવામાં આવી છે અને આ માટે ચૂંટણીપંચ પાસે મંજૂરી માગવામાં આવી છે. અમદાવાદ શહેરમાં પણ બે આદર્શ મતદાન મથક બનાવવામાં આવશે. આદર્શ મતદાન મથકમાં મતદારોના બેસવા માટે ખુરશીની વ્યવસ્થા કરવામાં આવશે તેમજ પીવાનું પાણી પણ ઉપલબ્ધ કરાશે અને મતદાન મથકને રંગરોગાન કરીને તૈયાર કરવામાં આવશે તેમજ મતદારોએ શું કરવું અને શું ના કરવું એના માટેનાં સાઈનેજ લગાવાશે.